જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૧/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૬૬/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૩,૩૩,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશનઃ-

## મિલ્કત તથા શરીર સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુક્મ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામા પકડાયેલ આરોપી દ્વારા આચરવામા આવતા ગુનાની આ પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર બી.ડી.ગોહીલ નાઓ દ્વારા, દાખલ થયેલ મિલકત તથા શરીર સબંધી ગુના (૧) વાડજ પો.સ્ટે. ગુ.ર.નં- ૧૧૧૯૧૦૨૩૨૨૦૦૬૯/૨૨ ઇ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ જીપીએક્ટ ૧૩૫(૧) મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૨૨૨૦૬૫૦/૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના કામે પકડાયેલ આરોપી કરણ ઉર્ફે મનપ્રીતસિંગ જીતુભાઇ ભાટીયા ઉં.વ.૨૨ રહે:બી/૪૨ ઉધ્ધવનગર ,સોરાબજી કંપાઉન્ડ જુનાવાડજ અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૧/૨૦૨૩ તા.૧૦/૦૧/૨૦૨૩ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ.૧૦/૦૧/૨૦૨૩ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. પ્રવીણકુમાર દલસંગભાઇ બ.નં. ૪૦૮૧

(૨) અ.પો.કો.શૈલેષકુમાર મહાદેવભાઇ બ.નં.૯૭૫૪

આરોપી કરણ ઉર્ફે મનપ્રીતસિંગ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૧૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૯/૨૦૨૩**

**સાયબર ક્રાઇમઃ** અમિતભાઇ ભીખાભાઇ માંડવીયા (ઉ.વ.૩૧)(રહે.વરદાન ટાવર, પ્રગતિનગર, નારણપુરા) એ તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી YASHWORLD PRODUCT PVT LTD ના ડીરેક્ટરો (૧) સાવન ઠાકરસીભાઇ ખેની અને (૨) ઠાકરસીભાઇ આનંદભાઇ ખેની (બંને રહે.મોહનગોપાલની વાડી, ઉર્મી સોસાયટી, બરોડા પ્રેસ્ટીજ સામે, વરાછા રોડ, સુરત) (ઓફિસઃ-ટાવર/એ, ડાયમંડ વલ્ડ, પ્રિન્સ પ્લાજા પાસે, મનગઢ ચોક, વરાછા રોડ, સુરત) નાઓએ ભેગામળી અમિતભાઇને સોફ્ટવેર ડેવલોપમેન્ટના ઇન્વેસ્ટમેન્ટ પર પ્રોફિટ બતાવી નાણાં રોકાણ કરવા લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઇ, અમિતભાઇ પાસેથી સોફ્ટવેર ડેવલોપમેન્ટમાં રોકાણ પેટે કુલ રૂપિયા ૨૮,૮૭,૮૮,૭૨૦/- ભરાવડાવી કોઇ કામ કે પ્રોફીટ નહી આપી તેમજ અમીતભાઇએ ભરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.રાજોરા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૦/૨૦૨૩**

**નિકોલઃ** શૈલેષભાઇ ડાહ્યાભાઇ સતાસીયા (રહે. હર હર ગંગે ફ્લેટ, ઇન્દ્રપ્રસ્થ સોસાયટીની બાજુમા, નિકોલ-ઓઢવ રોડ નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૩ બપોરના ૨/૩૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.ડી.જાટ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૭૧/૨૦૨૩**

**સાબરમતીઃ** સંધ્યાકુમારી વા/ઓ અશોકભાઇ ગુપ્તા (ઉ.વ.૪૭)(રહે.રીધ્ધી સિધ્ધી સોસાયટી રો-હાઉસ, જી.એસ.ટી.રોડ રાણીપ) તા.૦૮/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી ન્યુ રાણીપ સન રીયલ હોમ્સ-૦૨ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સંધ્યાકુમારીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૮,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સંધ્યાકુમારી ગુપ્તાએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** વિક્રમસિંહ લક્ષ્મણસિંહ દરબાર (ઉ.વ.૩૦)(રહે.અંબિકાનગર સોસાયટી જયરામ મોરાડની વાડીની પાસે, કતારગામ સુરત) તા.૧૦/૦૧/૨૦૨૩ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયા સર્કલ પાસે તુલસી હોસ્પીટલ સામે બસ સ્ટેન્ડ નજીકથી પસર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિક્રમસિંહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિક્રમસિહ દરબારે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.ટી.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૨/૨૦૨૩**

**ઓઢવઃ** (૧) જગદીશ શ્રીહરીલાલ ગુપ્તા (ઉ.વ.૩૭)(રહે.સુવાસ ઓરમ ફ્લેટ શિવદર્શન સોસાયટી સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૧/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** (૨) કપીલભાઇ રવિચંદ્ર પરમાર (ઉ.વ.૩૨)(રહે.શક્તિનગર જનતાનગર સામે મનમોહન ચાર રસ્તા પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૩ બપોરના ૪/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી